નવી બાબત વર્ષ ૨૦૨૧-૨૨

"સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની ડિઝાઈન, પાર્કિંગ, લાયબ્રેરી, ઈન્ટીરીયર, મ્યુઝિયમ તેમજ CCTV, સ્ટેચ્યુ તેમજ અન્ય ખર્ચ માટે રૂ.૧૨૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:હસલ/૧૨૨૦૨૧/૧૩૫૭૪/હ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૧૨/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૨/૦૨/૨૦૨૧ નો પત્ર નં.અજાક/મ-૩/૨૦૨૧/૭૨૦

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૧/૦૪/૨૦૨૧ નો પત્ર નં.અજાક/મ-૩/૨૦૨૧/૧૫૧૮-૧૫૨૦

પ્રસ્તાવના:-

આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૧) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા "સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની ડિઝાઈન, પાર્કિંગ, લાયબ્રેરી, ઈન્ટીરીયર, મ્યુઝિયમ તેમજ CCTV, સ્ટેચ્યુ તેમજ અન્ય ખર્ચ માટે વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં રૂ.૧૨૦૦.૦૦ લાખની નવી બાબતને સમાવવા દરખાસ્ત કરવામાં આવેલ, જે અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં રૂ.૧૨૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૨) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા "સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની ડિઝાઈન, પાર્કિંગ, લાયબ્રેરી, ઈન્ટીરીયર, મ્યુઝિયમ તેમજ CCTV, સ્ટેચ્યુ તેમજ અન્ય ખર્ચ માટે રૂ.૧૨૦૦.૦૦ લાખની ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, "સંકલ્પભૂમિ સ્મારક", કલ્યાણનગર-વડોદરા ખાતેની ડિઝાઈન, પાર્કિંગ, લાયબ્રેરી, ઈન્ટીરીયર, મ્યુઝિયમ તેમજ CCTV, સ્ટેચ્યુ તેમજ અન્ય ખર્ચ માટે વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં રૂ.૧૨૦૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨.	વર્ષ ૨૦૨૧-૨૨ ની "નવી બાબત"ની રૂ.૧૨૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બારસો લાખ પૂરા)ની જોગવાઈ ચાલુ નાણાકીય વર્ષમાં નીચેના બજેટ સદરે કરવામાં આવી છે.

બજેટ હેડ:-

માંગણી નંબર: ૯૫

મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ

પેટા મુખ્ય સદર: ૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ

ગૌણ સદર: ૮૦૦- અન્ય ખર્ચ

પેટા સદર: (૧૦)- SCW-20 ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ

૩.	આ અંગેના ખર્ચની "વહીવટી મંજૂરી"ના હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૮/૧૨/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.

(૧૨) સિલેક્ટ ફાઇલ-૨૦૨૧